ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જિલ્લાનો ૨૦૧૭-૧૮નો ૩૫૯૧ કરોડનો ધિરાણ પ્લાન

## ૯૯ હજારથી વધુ લાભાર્થીઓને આવરી લેવાનો લક્ષ્યાંક : બિન પરંપરાગત ઊર્જા અને સોશ્યલ ઈન્ફાસ્ટ્રક્ચરક્ષેત્રે પણ ધિરાણ કરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાનો વર્ષ ૨૦૧૭-૧૮નો ધિરાણ પ્લાન્ટ જાહેર કરાયો છે. રૂ. ૩૫૯૧.૧૦ કરોડના આ ધિરાણ પ્લાનમાં ૩૨૫૦ કરોડ રૂ. પ્રાથમિક ક્ષેત્રમાં આપવાનું નક્કી કરાયું છે.

તાજેતરમાં ડી.એસ. સી. સી.ની મળેલ બેઠકમાં આ ધિરાણ પ્લાન રજુ કરી અને મંજૂર કરવામાં આવ્યો છે. જિલ્લામાં ૩૭ બેંકોની ૩૦૬ શાખાઓમાં આ ધિરાણ પ્લાન અમલી બનેલ છે.

૯૯,૪૭૨ લાભાર્થીઓને આ ધિરાણ પ્લાનમાં આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. ગત નાણાંકીય વર્ષ કરતાં પ્રાથમિક ધિરાણ ક્ષેત્રમાં આ વર્ષે ૭૨૦ કરોડની વધુ ફાળવણી કરીને રૂ. ૩૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે ગત વર્ષની તુલનામાં ૨૮.૪૭ ટકાનો વધારો સૂચવે છે.

આ વર્ષે ધિરાણક્ષેત્રમાં બિન પરંપરાગત ઉર્જાક્ષેત્રે તેમજ સોશ્યલ ઈન્ફાસ્ટ્રક્ચરનો સમાવેશ કરી વિકાસના નવા ક્ષેત્રોને સાંકળવામાં આવ્યા છે. બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રના વિકાસ પર સરકારે પણ આગ્રહ કર્યો છે. આ ઉપરાંત સોશ્યલ ઈન્ફાસ્ટ્રક્ચર માટે સરકારે વિવિધ આવાસ યોજનાઓ સહિતની કેટલીક સુવિધાઓનો પણ સમાવેશ કર્યો હોવાથી આ બે ક્ષેત્રોનો ધિરાણ પ્લાનમાં સમાવેશ કરાયો હોવાનું બેંકીંગ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ધિરાણ પ્લાનમાં સૌથી વધુ ધિરાણ કૃષિ અને આનુસંગિક ક્ષેત્ર માટે ૪૮.૧૧ ટકા, હાઉસીંગ અને શિક્ષણ માટે ૧૩ ટકા, સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ માટે ૨૧ ટકા હિસ્સો ફાળવવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાંય ખાસ કરીને ગાંધીનગર તાલુકામાં શહેરીકરણ ઝડપથી આગળ વધી રહ્યુ હોવાનો ઉલ્લેખ આ ધિરાણ પ્લાનમાં કરી અને સેવા ક્ષેત્રના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે નાબાર્ડે કરેલા સૂચનનો પણ સમાવેશ કરાયો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ધિરાણ પ્લાનમાં લઘુ, મધ્યમ અને નાના ઉદ્યોગોના વિકાસ માટે ૨૩૪૩.૭૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. તો શિક્ષણ માટે ૯૭૪૪ લાખ રૂ.ની ફાળવણી કરવામાં આવી છે.

સોલાર સહિતની બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્ર માટે રૂ. ૨૫૪ લાખની ફાળવણી કરવામાં આવી છે તો સોશ્યલ ઈન્ફાસ્ટ્રક્ચર ક્ષેત્રે રૂ. ૬૬૪ લાખની ફાળવણી કરવામાં આવી હોવાનું બેંકિંગ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યુ છે.





ગુજરાતની અસ્મિતા - ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી રાજ્યના ખૂણે ખૂણે ઉલ્લાસપૂર્વક કરાઈ... અમદાવાદમાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો દ્વારા ગુજરાત ગૌરવ દિવસ ઉજવાયો... વિવિધ કાર્યક્રમો અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોની હારમાળા પણ રજૂ થઈ હતી... ગુજરાતનો રાસ, ગુજરાતના આદિવાસી નૃત્યો અને પરંપરાગત શૈલીના પ્રાચીન નૃત્યોની રમઝટ દ્વારા સાંસ્કૃતિક ઝાંખી રજૂ કરાઈ હતી. ઉજવણીની તસવીરી ઝલકમાં ગુજરાતનો કલાવૈભવ વ્યક્ત થઈ રહ્યો છે...

# શહેરમાં ૨૯ બિલ્ડીંગોમાં ગુજકેટ પરીક્ષાની બેઠક વ્યવસ્થા

ગાંધીનગર તા ૧

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૦મેંના રોજ ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. ગુજકેટની પરીક્ષા માટે જિલ્લાના ૨૯ બિલ્ડીંગોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ હાલ વેકેશનનો માહોલ જામ્યો છે. જયારે પરીક્ષાના અંતે હવે વિદ્યાર્થીઓ અને વાલીઓની મીટ પરિણામ તરફ મંડરાઈ છે. બોર્ડ પરિણામને પણ હવે ગણતરીના દિવસો બાકી રહયા હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના વ્યાપી છે. એકબાજુ પરિણામલક્ષી ઉત્તેજના વચ્ચે ગુજકેટની પરીક્ષાની પણ તૈયારી હાથ ધરવામાં આવી છે. ગુજકેટની પરીક્ષા અન્વયે તંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી જિલ્લાના ૨૯ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જયારે જિલ્લામાંથી ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક વર્ગ ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ

● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડા-નરોડા માર્ગને સિકસલેન બનાવાનુ કામ શરૂ

## ૧૪ કી મીના રૂટમાં આવતા ૪૮૦૦ વૃક્ષોની કટોતી : વનતંત્રને ૯૦ લાખનુ વળતર ચુકવાયુ : ચિલોડા સર્કલ પર ફલાયઓવર બનાવાશે : દોઢ વર્ષમાં કામ પુર્ણ થશે

ગાંધીનગર તા ૧

ચિલોડા નરોડા માર્ગને સિકસલેન કરવાના પ્રોજેકટ અન્વયે કામ શરૂ કરી દેવાયુ છે. આ યોજના હેઠળ ૧૪ કી મી ના માર્ગને સિકસલેન બનાવાશે. આ દરમિયાન ચિલોડા સર્કલ પર ફલાય ઓવર બનાવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત ૩૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે માર્ગને સિકસલેન બનાવાની કામગીરી દરમિયાન ૪૮૦૦ જેટલા વૃક્ષો કપાશે. જો કે વૃક્ષોની કટોતીનુ કામ હાલ ચાલી રહયુ છે. ચિલોડા નરોડા માર્ગને સિકસલેન બનાવાની યોજના પુર્ણ થતા માર્ગ પર રોજ બરોજ થતા જીવલેણ અકસ્માતોને અટકાવી શકાશે.

ચિલોડા નરોડા માર્ગને સિકસલેન બનાવાની યોજના હેઠળ રૂ ૨૫૦ થી ૩૦૦ કરોડ સુધીનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. નેશનલ હાઈવે દ્વારા આ કાર્યયોજના સંદર્ભે કામ શરૂ કરી દેવાયુ છે.

જયારે આ પ્રોજેકટનુ કામ આંધ્રપ્રદેશની એજન્સીને સોંપવામાં આવ્યુ છે. ૧૪ કી મી ના રૂટમાં આ માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે અંદાજિત ૪૮૦૦ જેટલા વૃક્ષોની કટોતી થશે. જો કે વૃક્ષોની કટોતીનુ કામ પુર્ણ થવા આવ્યુ છે.

આ માટે વન વિભાગને રૂ ૯૦ લાખ જેટલુ વળતર પણ ચુકવી દેવાયુ છે. ચિલોડા નરોડા માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે ચિલોડા સર્કલ પર ફલાઈ ઓવરનુ નિર્માણ કરવામાં આવશે. આગામી દોઢ વર્ષમાં આ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાશે. હાલ આ રૂટમાં નડતરરૂપ વૃક્ષો કાપવાનુ કામ ચાલી રહયુ છે. હાલ ચિલોડા નરોડ માર્ગ૭ મીટરનો છે. જેના લીધે આ રૂટમાં વારંવાર અકસ્માતો સર્જાય છે. એક અંદાજ મુજબ આ માર્ગ પર પ્રતિમાસ ચાર થી પાંચ જીવલેણ અકસ્માતો થાય છે. માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ

● અનુસંધાન પાન-૭ પર

# ફીના મામલે ડીઈઓએ સ્વનિર્ભર શાળાઓના સંચાલકોની બેઠક બોલાવી

## બેઠક દરમિયાન ૧૧૫ સંચાલકોને સમય મર્યાદામાં દરખાસ્ત રજુ કરવા સુચના : વાલીઓ તરફથી કોઇ ફરિયાદ ન મળે તેની તકેદારી રાખવા તાકીદ

ગાંધીનગર તા ૧

શાળાઓ દ્વારા વસુલાતી ફી ના મામલે સરકારે નિયત કરેલા સ્ટ્રકચર મુજબ જ ફી ના નિયમોની અમલવારી કરવામાં આવે તે માટે સુચના આપવામાં આવી છે. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આજે સેલ્ફ ફાઈનાન્સ શાળાના સંચાલકોની બેઠક યોજી હતી. આ દરમિયાન શાળાઓના સંચાલકોને ફી ના મામલે સમય મર્યાદામાં દરખાસ્ત તેમજ એફિડેવિટ રજુ કરવા સુચના આપવામાં આવી હતી. આ ઉપરાંત આ મામલે વાલીઓ તરફથી કોઈ ફરિયાદો ન મળે તેની વિશેષ તકેદારી રાખવા પણ ડી ઈ ઓ એ સંચાલકોને જણાંવ્યુ છે.

શાળાઓ દ્વારા બેફામ ફી વસુલવામાં આવતી હોવાનો આક્રોશ વાલીઓમાં પ્રબળ બન્યા બાદ સરકાર દ્વારા ફી વસુલીના મામલે વિધેયક પસાર કરી સ્કુલ ફી માટે નવુ સ્ટ્રકચર તૈયાર કરાયુ છે. જયારે આ અંગે શાળા સંચાલકોને વાંધો હોય તો આગામી ૩૦ દિવસમાં અરજી કરવા માટે પણ જણાંવાયુ છે. જયારે ફી ની રકમ ચેક મારફતે વસુલવા માટે પણ જણાંવાયુ છે. આ સઘળી બાબતોને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લાના સેલ્ફ ફાયનાન્સ શાળાના સંચાલકોની આજે ડીઈઓ એ બેઠક બોલાવી હતી. જેમાં જિલ્લાના ૧૧૫ શાળાના સંચાલકો હાજર રહયા હતા. સંચાલકોની બેઠક દરમિયાન ડી ઈ ઓ એ સંચાલકોને સમય મર્યાદામાં તેમની દરખાસ્ત રજુ કરવા જણાંવ્યુ હતુ. જયારે વાલીઓ તરફથી કોઈ ફરિયાદો ન મળે તે માટે તકેદારી રાખવા પણ સુચના આપી હતી. જયારે ફી સંદર્ભેના વાંધા મામલે આગામી ૩૦ દિવસમાં ડી ઈ ઓ કચેરી મારફતે કમિટીને દરખાસ્ત રજુ કરવા જણાંવાયુ હતુ. જયારે અન્ય કિસ્સામાં પણ એફિડેવિટ રજુ કરવા સુચના આપવામાં આવી હતી. શાળા સંચાલકો દ્વારા રજુ થયેલા વાંધા સુચનો સંદર્ભે કમિટી કક્ષાએથી આગામી ૯૦ દિવસમાં કાર્યવાહી કરી નિર્ણય લેવામાં આવશે.

## જિલ્લાની ૧૦૬ ગ્રામ પંચાયતોને

# સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ અંતર્ગત ૧ કરોડ ૬૦ લાખનું અનુદાન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ૧૦૬ ગામોમાં સફાઈવેરાની વસુલાત ૫૦ ટકા કરતાં વધુ થતાં આ ગામોને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના અંતર્ગત પ્રોત્સાહક અનુદાન આપવાની ભલામણ સાથેની દરખાસ્ત રાજ્યના પંચાયત વિભાગને મોકલી આપવામાં આવી છે.

સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામીણસ્તરે વેરા વસુલાતને અગ્રતા તેમજ પ્રોત્સાહિત કરવા માટે સરકારે યોજના તૈયાર કરી હતી. આ યોજનામાં ૫૦ ટકા કરતાં વધુ વસુલાત મેળવનાર ખાસ કરીને સફાઈવેરામાં તેને પ્રોત્સાહક અનુદાન આપવામાં આવે છે.

૨૦૧૫-૧૬ની આવક સાથે ૨૦૧૬-૧૭ની તુલના કરી તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ અંગેની દરખાસ્તો જિલ્લાકક્ષાએ આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં દરખાસ્તોની ચકાસણી કરવામાં આવી હતી અને ચકાસણીને અંતે આ દરખાસ્ત સરકારમાં મોકલી આપવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જિલ્લાની ૧૦૬ ગ્રામ પંચાયતોને એક કરોડ ૬૦ લાખથી વધુની પ્રોત્સાહક ગ્રાન્ટ મળશે.

આ પ્રોત્સાહક અનુદાન મેળવવામાં કલોલ તાલુકાની ૩૦, દહેગામની ૧૬, માણસાની ૩૫ અને ગાંધીનગરની ૨૫ ગ્રામ પંજચાયતોનો સમાવેશ થાય છે. જેમાં દહેગામ તાલુકામાં પંચાયતોને ૩૮.૭૪ લાખ, માણસા તાલુકામાં ૫૫.૨૯ લાખ, ગાંધીનગરમાં ૪૫.૧૫ લાખ અને કલોલમાં ૫૫.૬૯ લાખની રકમ પ્રાપ્ત થશે.

આ ૧૦૬ ગ્રામ પંચાયતોમાં કલોલની ૯ અને દહેગામ તાલુકાની ૩ ગ્રામ પંચાયતોની સહાયક અનુદાન માટે પણ પસંદગી કરવામાં આવી હોવાનું પંચાયત સાથે સંકળાયેલ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

મંડપ · કેટરીંગ · લાઈટીંગ · ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com